**નગરપાલિકા વિસ્તારમાં ગેસની / ટેલીફોનની પાઈપ લાઈન / ઓ.એફ.સી. કેબલ નાંખવા માટેના રીસ્ટોરેશન ચાર્જ અને વાર્ષિક ભાડુ નક્કી કરવા બાબત.**

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: નપલ / ૧૦૦૭ / ૨૦૨૫ / મ
બ્લોક નં. ૧૪, નવમો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૪ / ૫/૨૦૦૭.

**ઠરાવ:-**

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૮૭ અન્વયે નગરની હદની અંદર સાર્વજનિક રસ્તાઓ બાંધવાની અને નિભાવવાની નગરપાલિકાની પ્રાથમિક ફરજ છે. નગરપાલિકા તેણે કરવેરા પેટે ઉઘરાવેલ આવકમાંથી અથવા સરકારશ્રી તરફથી મળેલ અનુદાનોમાંથી તેના રસ્તાઓનું બાંધકામ કરે છે અને તેની નિભાવણી પણ કરે છે. તે રીતે સાર્વજનિક રસ્તાઓના બાંધકામ, મરામત અને નિભાવણી એ મહાનગરપાલિકાઓની પણ પ્રાથમિક ફરજ છે.

વિકાસની પ્રક્રિયાના ભાગરૂપે નગરમાં ટેલીફોન/મોબાઈલ કંપનીઓ તેમજ પાઈપ મારફતે કુદરતી ગેસ વિતરણ નેટવર્ક સ્થાપવા ઈચ્છતી કંપનીઓને મહાનગરપાલિકા/નગરપાલિકાના રસ્તાઓમાં ખોદકામ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય છે. ડામર રોડ સિવાયના રસ્તાઓ જેવા કે કાચા રસ્તાઓ, અર્થ રોડ, ફુટપાથ વિગેરેમાં પણ ખોદકામ કરીને ગેસની પાઈપ લાઈન કે ટેલીફોન લાઈન નાખવામાં આવતી હોય છે. જે કંપનીઓ દ્વારા આવી પાઈપલાઈન નાખ્યા બાદ આવા રસ્તાઓ મહાનગરપાલિકા/નગરપાલિકાએ પુનઃ બનાવવાના રહે છે. જે માટે નગરપાલિકાઓને / મહાનગરપાલિકાઓને જે ખર્ચ થાય તે ખર્ચ સરભર કરવા માટે નગરપાલિકા/મહાનગરપાલિકાઓ આવી કંપનીઓ પાસેથી રીસ્ટોરેશન ચાર્જ અને વાર્ષિક ભાડુ લેવામાં આવે છે. હાલમાં આવા ચાર્જ નક્કી કરવા બાબતે કોઇ એકસુત્રતા જોવા મળતી નથી. જેનાં કારણે વહીવટી મુશ્કેલીઓ અનુભવાય છે અને આવી પરવાનગી આપવામાં બિનજરૂરી વિલંબ થાય છે.

સરકારશ્રી પાસે આ બાબતે ચોક્કસ નીતિ નક્કી કરવા માટે રજુઆતો આવેલ હતી. જે તમામ રજુઆતો તેમજ ખોદકામ બાદ નગરપાલિકા/ મહાનગરપાલિકાને આવા રસ્તાઓ પુનઃ બનાવવા માટે કેટલો ખર્ચ થાય તે બાબતે પણ સરકારશ્રીએ કાળજીપુર્વક વિચારણા કરેલ છે. આ તમામ બાબતોની કાળજીપુર્વકની પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની નીતિ નક્કી કરવામાં આવે છેઃ-

૧) આ નીતિને નગરપાલિકાઓ/મહાનગરપલિકાઓ માટે ગેસપાઈપલાઈન તેમજ ટેલીફોન લાઈન પરત્વેના રીસ્ટોરેશન ચાર્જ અને વાર્ષિક ભાડા અંગેની નીતિ કહેવામાં આવશે.

૨) આ નીતિ ગુજરાત રાજયની તમામ નગરપાલિકા/મહાનગરપાલિકાઓને લાગુ પડશે અને તે ઠરાવ બહાર પડયાની તારીખથી અમલમાં આવશે.

૩) ગેસ પાઈપ પાઈન નાંખવા બાબતે વનટાઈમ રીસ્ટોરેશન ચાર્જ, વાર્ષિક ભાડુ અને સીક્યુરીટી ડીપોઝીટ નીચે મુજબ લેવાના રહેશે :

| ચાર્જની વિગત. | રસ્તાનો પ્રકાર | અ અને બ વર્ગની નગરપાલિકાઓ માટે દર | ક અને ડ વર્ગની નગરપાલિકાઓ માટે દર | મહાનગર પાલિકાઓ માટે દર |
|---|---|---|---|---|
| | | (દર પ્રતિ રનીંગ મીટર) | (દર પ્રતિ રનીંગ મીટર) | (દર પ્રતિ રનીંગ મીટર) |
| રીસ્ટોરેશન ચાર્જ (વન ટાઈમ) | આસ્ફાલ્ટ રોડ | ૬૦૦.૦૦ | ૫૦૦.૦ | ૭૧૦.૦૦ |
| | ડબલ્યુ.બી.એમ. રોડ | ૪૦૦.૦૦ | ૩૫૦.૦૦ | ૪૪૦.૦૦ |
| | અર્થ રોડ (કાચો રોડ) | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ |
| | ફૂટપાથ | ૮૯૦.૦૦ | ૮૯૦.૦૦ | ૮૯૦.૦૦ |
| | સી.સી. રોડ | ૯૦૦.૦૦ | ૯૦૦.૦૦ | ૯૦૦.૦૦ |
| વાર્ષિક ભાડુ (પ્રતિ રનીંગ મીટર) | દરેક રસ્તા માટે | - રૂા.૨૦.૦૦ | - રૂા.૨૦.૦૦ | - રૂા.૨૦.૦૦ |
| | રસ્તાના ક્રોસીંગ માટે | - રૂા.૫૦.૦૦ | - રૂા.૫૦.૦૦ | - રૂા.૫૦.૦૦ |
| સિક્યુરીટી ડીપોઝીટ (ખરેખર ચાર્જ સામે સરભર કરવાની રહેશે.) | --- | અંદાજીત કુલ ખર્ચના ૫૦ ટકા | અંદાજીત કુલ ખર્ચના ૫૦ ટકા | અંદાજીત કુલ ખર્ચના ૫૦ ટકા |

૪) ટેલીફોન લાઈન/ઓ.એફ.સી. કેબલ નાંખવા બાબતે વનટાઈમ રીસ્ટોરેશન ચાર્જ, વાર્ષિક ભાડુ અને સીક્યુરીટી ડીપોઝીટ નીચે મુજબ લેવાના રહેશે :

| ચાર્જની વિગત. | રસ્તાનો પ્રકાર | અ અને બ વર્ગની નગરપાલિકાઓ માટે દર | ક અને ડ વર્ગની નગરપાલિકાઓ માટે દર | મહાનગર પાલિકાઓ માટે દર |
|---|---|---|---|---|
| | | (દર પ્રતિ રનીંગ મીટર) | (દર પ્રતિ રનીંગ મીટર) | (દર પ્રતિ રનીંગ મીટર) |
| રીસ્ટોરેશન ચાર્જ (વન ટાઈમ) | આસ્ફાલ્ટ રોડ | ૬૦૦.૦૦ | ૫૦૦.૦ | ૭૧૦.૦૦ |
| | ડબલ્યુ.બી.એમ. રોડ | ૪૦૦.૦૦ | ૩૫૦.૦૦ | ૪૪૦.૦૦ |
| | અર્થ રોડ (કાચો રોડ) | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ |
| | ફૂટપાથ | ૮૯૦.૦૦ | ૮૯૦.૦૦ | ૮૯૦.૦૦ |
| | સી.સી. રોડ | ૯૦૦.૦૦ | ૯૦૦.૦૦ | ૯૦૦.૦૦ |
| વાર્ષિક ભાડુ (પ્રતિ રનીંગ મીટર) | દરેક રસ્તા માટે | - રૂા.૧૦.૦૦ | - રૂા.૧૦.૦૦ | - રૂા.૧૦.૦૦ |
| | રસ્તાના ક્રોસીંગ માટે | - રૂા.૨૫.૦૦ | - રૂા.૨૫.૦૦ | - રૂા.૨૫.૦૦ |
| સિક્યુરીટી ડીપોઝીટ (ખરેખર ચાર્જ સામે સરભર કરવાની રહેશે.) | --- | અંદાજીત કુલ ખર્ચના ૫૦ ટકા | અંદાજીત કુલ ખર્ચના ૫૦ ટકા | અંદાજીત કુલ ખર્ચના ૫૦ ટકા |

૫) ગેસપાઈપ લાઈન તેમજ ટેલીફોન લાઈન નાખવા માટે મહાનગરપાલિકા/નગરપાલિકા દ્વારા પરવાનગી નીચેની શરતને આધીન આપવાની રહેશે. :-

૧. પેરા (૩) અને (૪) માં દર્શાવેલ રીસ્ટોરેશન ચાર્જ (વનટાઈમ), વાર્ષિક ભાડું અને સીક્યોરીટી ડીપોઝીટ જે તે કંપનીએ સંબંધિત નગરપાલિકા/મહાનગરપાલિકામાં ભરવાની રહેશે. તેમજ ઉપરોક્ત દરમાં દર ત્રણ વર્ષે ઉત્તરોત્તર ૧૦ ટકા વધારો આપો આપ ગણવાનો રહેશે.

૨. જે તે કંપની દ્વારા જેટલી વાર પણ ખોદકામ કરવામાં આવે ત્યારે દરેક સમયે ઉપર મુજબના દર મુજબ પેમેન્ટ નગરપાલિકા/મહાનગરપાલિકાને કરવાનું રહેશે.

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર – માર્ગ અને મકાન વિભાગની ક્ષેત્રિય કચેરીઓને જાણ કરવા વિનંતી સહ..
- અગ્રસચિવશ્રી, ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, જી.યુ.ડી.સી., ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, જી.યુ.ડી.એમ., ગાંધીનગર
- સર્વે જિલ્લા કલેકટરશ્રી.
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સર્વે મહાનગરપાલિકા
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સર્વે અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી,
- પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ, રાજકોટ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર.
- શહેરી વિકાસ વિભાગની તમામ શાખાઓ, ગાંધીનગર.
- ચીફ ઓફીસરશ્રી, (તમામ નગરપાલિકાઓ)
- સીલેકટ ફાઈલ.